# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૩૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫
બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫
**સ્ક્રીન-૩ :** બીટ્ટુ બોસ :૧૨.૦૦
બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦
**સ્ક્રીન-૪ :** છોડો કલ કી બાતે : ૧૨.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦
બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૯.૦૦
હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦
**સ્ક્રીન-૪ :** બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- રાવળ સમાજ, ગાંધીનગર દ્વારા ૧.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ
- બપોરે ૪.૦૦ કલાકે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ.

### ટાઉન હોલ

- જ્યોતિન્દ્ર બી. વ્યાસ દ્વારા સવારે ૯.૦૦ કલાકે ધાર્મિક કાર્યક્રમ

### સામાજિક

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ૧૨૧મી જન્મ જયંતિ નિમિતે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા સવારે ૮.૩૦ કલાકે પ્રેરણા ભૂમિ, ગુજરાત વિધાનસભા સામે, મૂળ નિવાસી મેળાનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ૧૨૧મી જન્મ જયંતિ નિમિતે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ પ્રતિમા સંકુલ વિધાન સભા સામે, લોક જાણીતા શિવરામ શ્રીમાળીના સ્વરે "લોકધારા" ડાયરો રજૂ કરવામાં આવશે.
- આજ થી ૧૫મી મે સુધી સેંટ ઝેવિયર્સ સ્કૂલ, સેકટર-૮માં સમર કોચિંગ કેમ્પ શરૂ.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ૧૨૧મી જન્મ જયંતિ નિમિતે રોહિતદાસ સેવા સમાજ(ગુજરાત) ગાંધીનગર તરફથી દંત ચિકિત્સા કેમ્પનું આયોજન રોડજ સંતશ્રી, રોહિતદાસ મંદિર સેકટર-૬માં યોજાશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અનુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. કૌટુંબિક મતભેદોની વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

**વૃષભ :** આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. નિર્ણય લેવામાં દુવિધા થશે, જેથી કાર્યની ગતિ પ્રભાવિત થશ. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પ્રગતિદાયક.

**મિથુન :** મહત્ત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરતાં રહો ઈચ્છિત સિદ્ધિ અને મનોનુકૂળ લાભ અવશ્ય મળશે. માન-સન્માન વધશે.

**કર્ક :** યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે. સામાજિક ક્ષેત્રોથી લાભ.

**સિંહ :** જૂના સંબંધોમાં યશ વૃદ્ધિ થશે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે. વાહન ખરીદવાની સંભાવના.

**કન્યા :** સંતોષપ્રદ વાતાવરણ રહેશે.કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે.

**તુલા :** શુભ મંગળ કાર્યોનો યોગ આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ.

**વૃશ્ચિક :** જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ, વેપાર, કુટુંબમાં શુભકાર્યો, આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક.

**ધન :** આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ. ધર્મ,ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર.

**મકર :** કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત.

**કુંભ :** સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ. આર્થિક સ્ત્રોતમાંવૃદ્ધિના કાર્ય થશે. રોગ નિવારણાર્થ કાર્યો માટે યાત્રાનો યોગ. લાભ પ્રાપ્તિનો યોગ.

**મીન :** વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા અપાવશે. કલાત્મક ક્ષેત્રમાં વિશિષ્ટ યોગ.

# દબાણ હટાવોનું ભૂત ધૂણ્યું !

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આજે 'ચ' રોડ અને આજુબાજુ વિસ્તારમાં દબાણ હટાવની કામગીરી ચાલુ થવા પામી છે. પરંતુ દબાણ ખાતાના વહીવટદારો મારફતે મીલીભગત ચાલતું હોય તેમ સ્પષ્ટ જણાય છે. આજે દબાણ હટાવ કાર્યક્રમ હોવાની જાણ ઓળખીતાઓને થયેલ હોવાથી સલામત જગ્યાએ ખસી ગયા હતા. આમ છતાં, જાણ વગરના દબાણકર્તાઓ મુશ્કેલીમાં મુકાઈ નાસ ભાગ કરતા જણાયા હતા. અને આજનો દિવસ રોજગારી વિના પસાર કરેલ હતો.

પથિકાશ્રમની પાછળ વર્ષમાં બે વખત દબાણ દૂર થાય છે. આજદિન સુધીમાં ૧૦ થી ૧૫ વખત દબાણો દૂર થયા છે. છતાં ત્યાં યોગ્ય વહીવટ થવાથી દબાણો નિયમિત થઈ જાય છે. સરકારશ્રીને દબાણ હટાવવાનો ખર્ચ વ્યવસ્થા એળે જતી હોય છે.

પથિકાશ્રમ પાછળના દબાણો કેટલીક વખત હટાવ્યા પછી તે જ જગ્યાએ કેમ થાય છે. કયા રાજકીય કે વહીવટી અધિકારીશ્રીના આશીવાદથી દબાણો યથાવત બની જાય છે તે ઉચ્ચ કક્ષાએ તપાસનો વિષય છે.



## નાણાવટી પ્રાથમિક શાળામાં પક્ષીપરબનું વિતરણ

ગાંધીનગરના સેક્ટર-૬માં આવેલી નાણાવટી પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૭માં અભ્યાસ કરતા ૫૦૮ બાળકોને શાળા તરફથી પક્ષી પરબનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાણાવટી પ્રાથમિક શાળાના આચાર્ય કેતન નાણાવટીએ ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા ૫૦૮ બાળકોને પક્ષીઓને પાણી પીવડાવવા માટેના ચકલોડિયાનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે બાળકોને પશુ-પક્ષીઓને પીવાના પાણીની પ્રવર્તતી તંગી અંગે માહિતગાર કરી રોજ સવારે ચકલોડિયામાં એક લોટો પાણી રેડવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## 'પક્ષી પરબ' વિના મૂલ્યે મેળવો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની પક્ષીવૃંદને તેની તરસ સંતોષવા માટે ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા વિનામૂલ્યે 'પક્ષી-પરબ' નીચેના સ્થળેથી મેળવી પક્ષીઓની તૃષા સંતાષવાના કાર્યમાં જોડાવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચે જણાવ્યું છે.

'પક્ષી-પરબ' મેળવવા માટેના સ્થળો શ્રી અરૂણભાઈ બુચ, પ્લોટ નં. ૨૨૦, સેકટર-૨૦,શ્રી શશીકાંત મોઢા, પ્લોટ નં. ૨૪૮/૧, સેકટર-૪/એ, શ્રી નિલેન્દુ વોરા પ્લોટ નં. ૪૪૫/૨, સેકટર-૫/એ, શ્રી જયેશ ધ્રુવ પ્લોટ નં. ૨૬૨/૧, સેકટર-૫/એ, શ્રી ઉદયભાઈ ત્રિવેદી ૯૧/૩ 'છ' ટાઈપ, સેકટર-૨૦.

## પ્રેરણા પ્રગતિ મંડળની અગત્યની મીટીંગ ૧૪મી એપ્રિલના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગરના ટ્રસ્ટીઓની તા. ૧૪મી એપ્રિલના શનિવારે લિંમ્બચધામ સેકટર-૧૩ ખાતે સાંજે ૪.૦૦ કલાકે અગત્યાના મુદ્દાઓની ચર્ચા માટે મીટીંગ મળનાર છે. શ્રી રાજેન્દ્ર પારેખ પ્રચારકશ્રી ઉત્તર ગુજરાત લિમ્બચ સેવા સંઘ ગાંધીનગરે જણાવેલ છે.

## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા સામાન્ય રોગ નિદાન માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા તા.૧૫મી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન અરવિંદ કેન્દ્ર ખાતે 'સામાન્ય રોગો અને દિનચર્યા દ્વારા ઉપાય' વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજાશે. મણીનગરના અનુભવી ડૉ. પ્રફુલ્લાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને 'સામાન્ય રોગો તથા દિનચર્યા દ્વારા ઉપાય' એ વિષય ઉપર માર્ગદર્શન આપશે.

કૈલાસ માનસરોવર યાત્રા માટેના ડ્રો ના નામ go v. in પર સરકાર દ્વારા મુકાઈ ગયા છે. નામ નોંધાવેલ યાત્રીઓએ પોતાના નામનું સિલેકશન થયું છે કે નહીં તે જાણી લેવું. આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૪૨૬૬૧૪૯૧૦ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

# ગાંધીનગરમાં વિશિષ્ટ મહાનુભવો માટે આરોગ્ય તંત્ર અલગ ઊભું કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી સ્વાભાવિક મંત્રીશ્રી, ધારાસભ્યશ્રી, સચિવશ્રી, ખાતાના વડાઓ વગેરે મહાનુભાવોને વસવાટ કરે છે. આ તમામ વિશિષ્ટ મહાનુભાવોની આરોગ્યની ચિંતા સામાન્ય આમ જનતાની સુવિધાઓના ભોગે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સંભાળે છે. આમ જનતા માટે ગણાતી પાટનગરની સિવિલ હોસ્પિટલ ખરેખર વિશિષ્ટ મહાનુભાવો માટેની જ હોસ્પિટલનું સ્વરૂપ ધારણ કરેલ છે. કાયદા પ્રમાણે સીનીયર સીટીઝનોને કોઈ વિશિષ્ટ અલગ સુવિધા મળતી નથી. દર્દીઓ લાંબી કતારોમાં કલાકો સુધી કણસતા રહે છે. વી.આઈ.પી. મહાનુભાવ જો બીમાર પડે તો. ગરીબ દર્દીઓ રામના ભરોસે છોડી દેવામાં આવે છે. આવી માનવતા વિહિન વર્તમાન વ્યવસ્થા અંગે વિચારણા કરવાની જરૂર છે. આ અંગેની પુષ્કળ પ્રમાણમાં રજૂઆતો ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી મીટીંગમાં થતી હોય છે. તેમ શ્રી લવજીભાઈ વાડીઆ પ્રમુખશ્રી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ જણાવે છે.

આ પ્રશ્નો કાયમી ધોરણે ઉકેલવા માટે ગાંધીનગરમાં વસતા વી.આઈ.પી. વિશિષ્ટ વ્યકિતઓની વહીવટી કાનૂની રીતે સ્પષ્ટતા કરતો પરિપત્ર કરવો જરૂરી છે.

આવા મહાનુભાવો માટે આરોગ્ય વિષયક સેવાઓ અલાયદી રાખવી જોઈએ. આ વિશિષ્ટ સેવાઓ માટે તબીબી સ્ટાફની અલગ જ નિમણૂક કરવી જોઈએ. આ મહાનુભાવોની મુકરર સમયમાં તબીબી ચકાસણી થતી રહેવી જોઈએ. તેમ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ અખબારી યાદી દ્વારા જણાવેલ છે .

# અરૂણાચલ પ્રદેશ એડવેન્ચર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ભારત સરકાર, મીનીસ્ટ્રી ઓફ ડેવલોપ ઓફ નોર્થ ઈન્ટર્ન રીઝન અને મીનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ)ની પાયલોટ સ્કીમ 'યુથ ટુ ધ એજ' દ્વારા રોઈંગ (જિ. લોઅર દિબાંગ) અરૂણાચલ પ્રદેશ ખાતે એડવેન્ચર કેમ્પ તાજેતરમાં યોજાયો હતો. જેમાં ગુજરાત રાજયની વિવિધ યુનિ.ના એન.એસ.એસ.ના કુલ ૩૦ વિદ્યાર્થી ભાઈ બહેનો તથા કાર્યક્રમના સુચારૂ સંચાલન અને પ્રોત્સાહન માટે બે પ્રોગ્રામ ઓફિસર પણ તેની સાથે જોડાયા હતા.

ગુજરાતના વિદ્યાર્થીઓની ટીમનું સંચાલન કરવા માટે એચ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજ, ગુજ. યુનિ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાગીરથી, કેતન ભટ્ટ તથા હેમચંદ્રાચાર્ય યુનિ.ના પ્રો. ઓ. પ્રા. અશ્વિન પટેલ સતત સાથે રહી દરેક એડવેન્ચર પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક કરી હતી. ગુજરાત યુનિ. તરફથી એન.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કેમ્પ દરમિયાન રોજિંદા કાર્યક્રમના ભાગરૂપે બે કલાક જોગિંગ અને શારીરિક માનસિક કસરત (યોગ) ઉપરાંત દરેક પ્રકારની એડવેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે રેપલીંગ, રિવરક્રોસીંગ, રોકક્લાઈમીંગ, ટ્રેકિંગ, બેલેન્સીંગ વગેરે સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે ગામડાઓની મુલાકાત, સેલ્ફ કૂકિંગ, આપત્તિ વ્યવસ્થાપન અંગેની સમજ અને પ્રેક્ટિકલ, ટેન્ટ પીચીંગ,માઉન્ટરીંગના સાધનોની જાણકારી આપવામાં આવી હતી. સફાઈ, જૂથમાં કામ કરવાને કારણે નેતૃત્વના ગુણો ખીલવવાની તથા અન્યને ઉપયોગી થવાની તક પણ મળી હતી. એકંદરે આ આખો કાર્યક્રમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપકારક બની રહ્યો હતો.

# ડૉ. આંબેડકર જન્મ જયંતિ પ્રસંગે પૂષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ભારતીય બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડરજીની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિના ઉપક્રમે આજે ભારે ધામધૂમપૂર્વક આંબેડકર જયંતિ ઉજવવામાં આવશે. જેમા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, જાહેર જીવનના અગ્રણીઓ, અનુસૂચિત જાતિ, જનજાતિના આગેવાનો, સામાજીક સંસ્થાઓ તેમજ આંબેડકર પ્રેમી જનતા મોટી સંખ્યામાં હાજર રહી પૂષ્પાંજલિ અર્પણ કરશે તેમ સંસ્થાના મહામંત્રીએ જણાવ્યું છે.

# દહેગામ ખાતે ૨૮મી એપ્રિલે ગરીબ કલ્યાણ મેળો યોજાશે

સમગ્ર રાજયમાં ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત તા. ૧૨મી એિપ્રલ-૨૦૧૨થી શરૂ થયા છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો તા. ૧૪મી એિપ્રલ-૨૦૧૨ના રોજ યોજાનાર હતો. હવે, આ ગરીબ કલ્યાણ મેળો તા. ૨૮મી એિપ્રલ-૨૦૧૨ના રોજ જય યોગેશ્વર કોલ્ડ સ્ટોરજ, મોડાસ રોડ, દહેગામ ખાતે યોજાશે.

# દલિત અધિકાર સંઘ ગુજરાત દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા. ૧૩

દલિત અધિકાર સંઘ ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી ફકીરભાઈ વાઘેલા (મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા) દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ગાંધીનગર વિધાનસભા સામે સવારે ૯.૦૦ કલાકે અને સારંગપુર, અમદાવાદ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે, દલિત અધિકાર સંઘના પ્રદેશ કાર્યાલય, ગ્રીનકોર્સ સોસાયટી, બહેરામપુરા ખાતે ૧૨.૦૦ કલાકે પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમજ સાંજે ૬.૦૦ વાગે અમરેલી ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું લોકાર્પણ કરશે.

આ પુષ્પાંજલિના કાર્યક્રમમાં દલિત અધિકાર સંઘના શહેર જિલ્લા એકમના કાર્યકરો સહિત આંબેડકર પ્રેમી જનતા જોડાશે. સમગ્ર ગુજરાતમાં દરેક જિલ્લામાં દલિત અધિકાર સંઘ જિલ્લા યુનિટ દ્વારા કાર્યક્રમો યોજાશે. એમ કાર્યાલય મંત્રી નયન સોલંકીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ...કારકિર્દીનો લાંબો સમય પેથાપુર કુમારશાળામાં વિતાવનાર આ શિક્ષિકા પાસે છોકરાઓ અને તેમનાંય છોકરાંઓ ભણી ગયાં

શિયાળાની પાછલી રાત્રે ઝાકળ પડે છે. જે પોતાની ભીનાશથી ઘઉંના પાકને પોષણ આપી ચૂપચાપ સવાર પડતાં જ પોતાની લીલા સંકેલી લે છે. દુનિયામાં ઘણાં વ્યકિતઓ આવા ઝાકળની જેમ અણદીઠ રહી પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવીને નિવૃત્ત થતો હોય છે. પોતે કરેલા નિષ્ઠાપૂર્વકના કાર્યોનો ઝાઝો શોર- બકોર કર્યા વગર નાગરિક ધર્મ- માનવધર્મ બજાવ્યાનો પરમ તૃપ્તિનો ઓડકાર લેતા આવાં જ એક નિવૃત શિક્ષિકા બેનની વાત મારે તેમને કરવાની છે.

પોતાનો ફોટો કે નામ ન આપવાની શરતે આ નિષ્ઠાવાન- જન્મજાત શિક્ષિકા બહેને પોતાના અનુભવો વાગોળ્યાં. ૨૭ વર્ષની લાંબી કારકિર્દી દરમ્યાન તેમણે બે પેઢીને જ્ઞાનદાન કર્યું છે. કારકિર્દીનો લાંબો સમય પેથાપુર કુમારશાળામાં વિતાવનાર આ શિક્ષિકા પાસે છોકરાઓ અને તેમનાંય છોકરાંઓ ભણી ગયાં છે. ગામમાં એવાં કેટલાંય ઉદાહરણ મળી આવે જ્યાં પિતા અને પુત્ર બંનેને એક જ શિક્ષિકા પાસે અભ્યાસનો લાભ મળ્યો હોય.

**સંબંધ સજાવે જિંદગી**
**બલિહારી ગુરુ આપની**
- સ્વાતિબા રાઓલ
gsrelation@yahoo.com

બાળકોના જન્મ પછી ઘરની આર્થિક જરૂરિયાત પૂરી કરવા માટે ટીચર બનવાનું નક્કી કરી પી.ટી.સી.માં પ્રવેશ મેળવ્યો. પરંતુ, જરૂરિયાત શોખમાં ક્યારે પરિણમી તેનો ખ્યાલ જ ન રહ્યો. ગમે તેટલા બિમાર હોય પણ વર્ગમાં પ્રવેશ કરતાં જ એકદમ તાજગી અનુભવે ગામડા ગામમાંથી આવતા વિદ્યાર્થીઓમાં કેટલાંક તો ભણવાની સાથે મજૂરીકામ કે ખેતી પણ કરે. ભણવામાં પણ સાવ નબળા. 'બેન' સાથે આ વિદ્યાર્થીઓનો એવો નાતો કે આજેય રસ્તામાં ગમે ત્યાં મળે તોય પગે લાગે.

આ બધામાં એક સંજય નામનો વિદ્યાર્થી સાવ સૂનમૂન બેસે. બપોરની રીસેસમાં ઘરે જાય. તો દરરોજ રીસેસ પૂરી થયાનાંય કલાક પછી આવે. શિક્ષિકાબેન રોજ તેને સમયસર આવવા માટે ટોકે પણ કે નિયમિત રીતે અનિયમિત સમયે જ આવતો. આગ્રહી બહેને એક દિવસ ગુસ્સામાં તેને ફુટપટ્ટી મારી દીધી. મારતાં મારી દીધું પણ પછી આખો દિવસ જીવ બાળ્યો. છૂટવાના સમયે તેને પાસે બોલાવી પંપાળ્યો વધુ વાગ્યું નથી તેની ખાતરી કરી અને પછી મોડા આવવાનું કારણ પૂછ્યું. માની મમતાથી પૂછાયેલા પ્રશ્ને અને બહેનના વાત્સલ્યથી પલળી ગયેલા વિદ્યાર્થી પાસેથી તેની આપવીતી જાણવા મળી. તેને દરરોજ રીસેસમાં ઘરે પાણી ભરવા માટે અને નાનાભાઈ- બહેનોને જમાવડવા માટે રોકાવું પડતું હતું. તેના પિતા કોઈ બુટલેગરના ધંધામાં ગેરકાનૂની કામ કરતાં. માતા પણ ક્યાંય નોકરીએ જતી. વળી, ઓરમાન માતાનો પુત્ર હતો. સાવકા ભાઈ- બહેનની સારસંભાળ રાખતાં સંજય પ્રત્યે શિક્ષિકા બહેનને સહાનુભૂતિ થઈ આવી. પછી આ ગુરુ- શિષ્યાનો સંબંધ માતૃવત સ્નેહ અને પુત્રવત સમર્પણથી વધુ ગાઢ બન્યો. 'બેન'ના પ્રોત્સાહન શીખામણથી સંજયે ઘરનું વાતાવરણ ડામાડોળ હોવા છતાં જાત મહેનતથી આગળ આવવાનો નિર્ધાર કર્યો. તેણે દાબેલીની લારી શરૂ કરી. ધીરે ધીરે પગભર થયો. એવામાં કોઈ ભલા માણસે તેનો હાથ પકડયો જેઓની કચ્છમાં સિમેન્ટની ફેકટરી હતી. સંજયની ઈમાનદારી અને મહેનત સાથે એની શાળાના 'બેને' એનામાં સીંચેલા સંસ્કારને કારણે તે ઝડપથી તેના શેઠનો વિશ્વાસપાત્ર બની ગયો અને કાયમ માટે કચ્છમાં સ્થાયી થયો. સારી નોકરી અને કાયમી વસવાટ પછી સ્થિર થયેલો સંજય ઘણા વખત સુધી એના પૂજ્ય અને વ્હાલા 'બેન'ને મળવા માટે ખાસ કચ્છથી ગાંધીનગર આવતો.

ગ્રામ્યજીવનની હાડમારીઓ વચ્ચે દબાઈ ગયેલી વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જગાડી યુવક મહોત્સવ, રમતોત્સવમાં લઈ જતાં આ શિક્ષિકાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. કારણ કે તેમને આચાર્યા તરીકેનું પ્રમોશન મળ્યું ને વહિવટી કામના ભારણના લીધે તેઓ વર્ગમાં વ્હાલા વિદ્યાર્થીઓને ભણાવવાના નિર્ભેળ આનંદથી વંચિત રહી જતાં હતાં. જ્ઞાનયજ્ઞમાં સંપૂર્ણ સમર્પિત આ શિક્ષિકા બહેને વહીવટી આટા-પાટામાં રસ પણ ન પડ્યો અને ફાવ્યું પણ નહિ.

આજે તેઓ નિવૃત જીવન ગાળે છે. અને પેથાપુરના કેટલાય વિદ્યાર્થીઓ આજેય 'બેન'ને મળવા આવે છે.

# પ્રેક્ષા ભારતી કોબા ખાતે જિલ્લાનો પ્રથમ ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાનો -થમ ગરીબ કલ્યાણ મેળો તા. ૧૨મી એ-િલ-૨૦૧૨ના રોજ ગાંધીનગર તાલુકાના -ેક્ષા ભારતી, કોબા ખાતે યોજાયો હતો. આ -સંગે વન અને પર્યાવરણ વિભાગના રાજય કક્ષાના મંત્રી શ્રી કિરીટસિંહ રાણા ઉપસથિત



રહયાં હતાં. મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના હસ્તે ગાંધીનગર તાલુકાના ૬૧૦૩ લાભાર્થીઓને રૂપિયા ૯૮૧ લાખની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું હતું.

આ -સંગે વન અને પર્યાવરણ રાજય મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, રાજયની ૫૦ વર્ષ સુધી શાસનધુરા સંભાળનાર શાસકોએ કયારે ગરીબી દૂર કરવાના -યત્નો કર્યા નથી. પરંતુ રાજયના વર્તમાન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાની દોર હાથમાં લીધા બાદ રાજયમાં ગરીબ કલ્યાણ મેળા દ્વારા ગરીબી નાબૂદીની ઝુંબેશ આદરી છે. અગાઉના સમયમાં પણ આ તમામ યોજનાઓ હતી. પણ તેનો લાભ સાચા લાભાર્થીઓ સુધી તો પહોંચ્યો નહિં પણ વચેટીયાઓએ તેનો ભરપૂર લાભ લીધો છે. પરંતુ રાજયના મુખ્યમંત્રીશ્રીની પારદર્શક વહીવટની નીતિ અને સુચારું આયોજન થકી આજે રાજયમાં સાચા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ તથા સાધન-સહાય ગરીબ કલ્યાણ મેળા થકી હાથોહાથ મળતી થઈ છે. આ કામને સાર્થક કરવા દિવસ રાત કામ કરતાં રાજયના સરકારી અધિકારીશ્રીઓ- કર્મચારીઓને તેમના આ કામ બદલ મંત્રીશ્રીએ અભિનંદન પણ પાઠવ્યા હતાં.

મંત્રી શ્રી રાણાએ વધુમાં કહ્યું હતું કે, સમગ્ર રાજયમાં છેલ્લા ત્રણ તબક્કામાં ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૮,૬૭,૦૦૦ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૮૧૨૦ કરોડની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. આજથી તા.૨૮/૦૪/૨૦૧૨ દરમ્યાન ૨૨૩ તાલુકા ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અંદાજીત ૧૫ લાખ લાભાર્થીઓને રૂપિયા ૧૨૦૦ કરોડની સહાય ચુકવવામાં આવશે. આજે ગાંધીનગર જિલ્લાના -થમ ગરીબ કલ્યાણ મેળામાં ૬૧૦૩ લાભાર્થીઓને રૂપિયા ૧૦ કરોડ જેટલી સાધન સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું છે. જે ગતૂ વર્ષના છેલ્લા ગરીબ કલ્યાણ મેળા કરતાં રૂપિયા ૧ કરોડ જેટલી વધુ રકમની સહાય ચુકવવામાં આવી છે.

આ -સંગે ગાંધીનગર તાલુકાના શ્રી -મુખભાઈ ડાહ્યાભાઈ પટેલે રૂપિયા-૩૧ હજાર અને શ્રી વિષ્ણુભાઈ -હલાદભાઈ ઠાકોરે રૂપિયા ૨૧ હજારનો ચેક મંત્રી શ્રી કિરીટસિંહ રાણાને માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ માટે અર્પણ કર્યો હતો. તે ઉપરાંત વિવિધ કલાકારો દ્વારા રાજય સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપતા કાર્યક્રમ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના -ારંભે જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે ઉપસથિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. રાજય સરકાર દ્વારા યોજવામાં આવતાં ગરીબ કલ્યાણ મેળાના સાચા આશયથી લોકોને માહિતગાર કર્યા હતા. આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધીએ કરી હતી.